ક્રાંતિગુરૂ શયામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ– કચ્છ.
Email :- registrar.kskvku@gmail. com

ફોન નં. : ૦૨૮૩૨ – ૨૩૫૦૦૨
Web: kskvkachchhumiversity.org

રે.ફ.નં./ક.યુ./ઈ.સી./ ૨૦૨૦/

તા.૨૨/૦૬/૨૦૨૦

પ્રતિ,
એકિઝકયુટીવ કાઉન્સિલના
તમામ સભ્યશ્રીઓ તરફ..

**વિષયઃ–** તા.૧૯/૦૬/૨૦૨૦ ના રોજ યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ નોંધ.

સભ્યશ્રી,

સવિનય સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, તા.૧૯/૦૬/૨૦૨૦ ના રોજ કોનફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી આપશ્રીને મોકલી રહયા છીએ. જે આપશ્રીને વિદિત થાય.

૨૬/૬/૨૦૨૦
કુલસચિવ

**નકલ રવાના જાણ અર્થે :**

૧. માનનીય કુલપતિશ્રીનું કાર્યાલય, માનનીય કુલપતિશ્રીના નમ્ર ધ્યાન પર મુકવા અર્થે.

**નકલ રવાના :**

૧. સંબંધિત ફાઈલે

**તારીખ ૧૯/૦૬/૨૦૨૦નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે કોન્ફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મળેલ મિટીંગની મિનિટ્સ નોંધ :**

---

આજ રોજ તારીખ ૧૯/૦૬/ ૨૦૨૦નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે કોન્ફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિટીંગ માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. એક્ઝિકયુટીવ કાઉન્સિલના સૌ સભ્યશ્રીઓ માનનીય કુલપતિશ્રીને આવકાર્યા અને ત્યાર બાદ મિટીંગની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

આ મિટીંગમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ અને હોદ્દો | | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો. (ડૉ.) જયરાજસિંહ ડી. જાડેજા<br>માનનીય કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો. (ડૉ.) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. કાશ્મીરા મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. મનિષ પંડયા<br>સંલગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીયટ બોર્ડ સંચાલિત –<br>તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>સંલગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | પ્રો. (ડૉ.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. આર.વી. બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ | સભ્યશ્રી | – |
| ૧૨. | ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. મનીષ પંડયા<br>કાર્યકારી મેમ્બર સેક્રેટરી<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | કા. મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. કાયમી કુલપતિશ્રીની નિમણૂંક બાદ માનનીય કુલપતિશ્રીની પ્રથમ મિટીંગ હોઈ આવકાર.

કુલપતિશ્રીની નિમણૂંક બાદ માનનીય કુલપતિશ્રીની આ પ્રથમ મિટીંગ હોઈ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સૌ સભ્યશ્રીઓ દ્વારા તેમને બુકે આપી સન્માનીત કરી આવકારવામાં આવ્યા.

૨. એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ગત તા.૩૦/૦૩/૨૦૨૦ વાળી મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી

**ઠરાવ–૧ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ગત તા.૩૦/૦૩/૨૦૨૦ વાળી મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.**

૩. નવા નિયુકત થયેલા માનનીય કુલપતિશ્રીના પગાર બાબત

**ઠરાવ–૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, ઠરાવ ક્રમાંકઃ પગર/ ૧૦૧૮/ ૧૯૨/ ખ તા.૧/૨/૨૦૧૯ ના સરકારશ્રીના સાતમાં પગાર પંચ અન્વયે કુલપતિશ્રીના પગાર ભથ્થાંનો સ્વિકાર કરવામાં આવે છે.**

૪. કચ્છ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા કાયમી શૈક્ષણિક કર્મચારીઓના ૭માં પગારપંચ બાબત

**ઠરાવ–૩ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, તા.૧/૨/૨૦૧૯ ના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પગર/ ૧૦૧૮/ ૧૯૨/ ખ – રાજયની યુનિવર્સિટીઓ અને સરકારી તથા બિનસરકારી અનુદાનીત સંલગ્ન કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમાં પગારપંચ / UGC ની ભલામણનો લાભ આપવા બાબતે રાજ્ય સરકાર તેમજ UGCની તમામ ભલામણોનો સ્વિકાર કરવામાં આવે છે અને ઠરાવમાં દર્શાવ્યા તારીખ ૧/૧/૨૦૧૯થી સાતમું પગાર પંચનો અમલ કરવો.**

**આ ઉપરાંત જે તે કર્મચારીઓની રાજય સરકારશ્રીના છઠ્ઠા પગારપંચનું ફિકસેશકન થયા બાદ સાતમા પગારપંચનો લાભ આપી શકાશે.**

૫. બિન શૈક્ષણિક કર્મચારીઓની ઈ.પી.એફ.ની રકમની ગણતરી કન્સલટન્ટશ્રી દ્વારા કરવામાં આવતાં રકમ રૂા.૧,૩૭,૯૪,૦૦૦/- થાય છે. જયારે યુનિવર્સિટી દ્વારા રૂા.૧,૩૬,૭૩,૮૫૯/- ભરવામાં આવેલ છે. બાકી રહેતી તફાવતની રકમ ચૂકવવા બાબતે.

**ઠરાવ-૪** **બિન શૈક્ષણિક કર્મચારીઓની ઈ.પી.એફ.ની રકમની કુલ ઉભી થયેલ જવાબદારી પૈકી અગાઉ રૂા. ૧,૩૬,૭૩,૮૫૯/- ભરાઈ ગયેલ છે. આ ઉપરાંત કન્સલટન્ટશ્રી દ્વારા ગણતરી બાદ એક્ચ્યુઅલ બાકી રહેતી તફાવતની રકમ રૂા. ૧,૩૦,૧૯૬/- ના ચૂકવણા માટે મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૬. માનનીય કુલપતિશ્રીના બંગલાને "ફુલ્લી ફર્નિસડ" બાબતને વ્યાખ્યાયીત કરવી તેમજ બંગલામાં થયેલ ખર્ચની મંજૂરી બાબતે

**ઠરાવઃ- ૫** **માનનીય કુલપતિશ્રીના બંગલાને "ફુલ્લી ફર્નિસડ" બાબતને વ્યાખ્યાયીત કરવા શ્રી મિલીન્દ સોલંકી, આસી. પ્રોફેસર, કાર્યકારી ઓ.એસ.ડી. (ફાઈનાન્સ)ના વડપણ હેઠળ એક કમિટિની રચના કરવી તથા આ કમિટિમાં સભ્યશ્રીઓના નામ માનનીય કુલપતિશ્રીએ આપવા અને અહેવાલ ફાયનાન્સ કમિટિને રજૂ કરવાનું નકકી કરવામાં આવે છે તથા માનનીય કુલપતિશ્રી ના બંગલામાં થયેલ ખર્ચને તેમની જોડાયા તારીખથી સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

૭. ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રાખેલ સ્પર્ધાઓના ઈનામ નકકી કરવા બાબત.

**ઠરાવઃ- ૬** **ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રાખેલ સ્પર્ધાઓના ઈનામ બાબતે યુનિવર્સિટીનું આર્થિક ભારણ જોતા તથા વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ પ્રથમ, દ્વિતિય તથા તૃતિય આવનાર સ્પર્ધાર્થીઓને ક્રમાનુસાર રૂા. ૫૦૦૦/- , રૂા.૩,૦૦૦/- તથા રૂા. ૨૦૦૦/- ઈનામની રકમ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૮. યુનિવર્સિટી લાયબ્રેરી એડવાઈઝરી સમિતિની રચના બાબતે.

**ઠરાવઃ-૭** **લાયબ્રેરી એડવાઈઝરી કમિટિ માટે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ પૈકી સર્વાનુમતે ડૉ.કાશ્મીરાબેન મહેતા, ડીન- આર્ટ્સ ફેકલ્ટીનું નામ નકકી કરવામાં આવ્યુ.**

૯. સેમેસ્ટર ૫ તથા ૬ ની રેમિડિયલ પરીક્ષાઓ ફરી શરૂ કરવા બાબત.

(આ અગાઉ ઈ.સી.ના ઠરાવ નં. .......... થી રેમિડીયલ પરીક્ષાઓ બંધ કરવામાં આવેલ હતી. પરંતુ વિદ્યાર્થીઓની રજૂઆત આવતા ફેર વિચારણા અર્થે)

**ઠરાવઃ-૮** **હાલની કોવિડ-૧૯ જેવી મહામારીને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓના હિત ખાતર આ જ વર્ષ પૂરતી સેમેસ્ટર ૫ તથા ૬ ની રેમિડિયલ પરીક્ષાઓ અગાઉ થયેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલના નિયમો યથાવત રાખી લેવા સર્વાનુમતે મુજૂરી આપવામાં આવે છે.**

૧૦. જે સ્થળોએ પી.જી. પરીક્ષા કેન્દ્રો આપેલ હોઈ તે સ્થળોએ લૉ નું પરીક્ષા કેન્દ્ર ફાળવવા બાબત - (કોવિડ-૧૯ ની પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓની માંગ)

**ઠરાવઃ- ૯** **જે-તે લૉ કોલેજોએ પરીક્ષાનું કેન્દ્ર રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૧. પરીક્ષા ફોર્મ લેઈટ ફી રૂા. ૫૦૦૦/- રદ કરવા બાબતે - વિદ્યાર્થીઓની રજૂઆત

**ઠરાવઃ-૧૦** **વિદ્યાર્થીઓના હિત ખાતર પરીક્ષા ફોર્મ સુપર લેઈટ ફી રૂા. ૫,૦૦૦/- રદ કરવી. લેઈટ ફી રૂા. ૧,૦૦૦/- અંતિમ રાખી પરીક્ષા કામગીરીના પૂરતા દિવસો પહેલા પરીક્ષા ફોર્મ ન ભરાવવા/ લોક કરવા તથા ત્યાર બાદ ફોર્મ ન ભરાવવા આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૨. સ્પોર્ટસ સ્ક્રેટરી તરીકે તમામ કામગીરી સંભાળે એ માટે યુનિવર્સિટી સંલગ્ન કોઈ એક કોલેજ નકકી કરવા બાબત

**ઠરાવઃ—૧૧ સ્પોર્ટસ સ્ક્રેટરી તરીકે કોલેજનું નામ તથા કોલેજે કરવાની થતી કામગીરી યુનિવર્સિટી સ્પોર્ટસ બોર્ડ નકકી કરી મંજૂરી અર્થે મુકવા ઠરાવવામાં આવ્યુ.**

૧૩. બી.એસ.એન.એલ.ના ૧ જી.બી. ઈન્ટરનેટ કનેકશનનનો સમયગાળો આગામી માસમાં જ પૂર્ણ થનાર હોઈ ત્યાર બાદ યુનિવર્સિટીએ ઈન્ટરનેટ માટેના કનેકશન બાબત. (બી.એસ.એન.એલ. માંથી એડવાન્સ બીલ રૂપે રૂા. ૧૧૯૫૮૪૧/— નું વાર્ષિક બીલ આવેલ છે.)

**ઠરાવઃ—૧૨ અવધી પૂર્ણ થાય એ પહેલા બી.એસ.એન.એલ. સાથે સરકારી શૈક્ષણિક સંસ્થા હોઈ ફ્રીમાં પ્લાન આપે તેવી પ્રપોઝલ મુકીએ. સાથે જ ટેન્ડર અથવા GEM જયાંથી ઓછા ભાવે પ્લાન મળી શકે તેવો અન્ય વિકલ્પો રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૪. લીન્ટેલ કંપનીની હેલ્પ લાઈન સેવાની અવધી પૂર્ણ થતાં તેની સેવાઓ આગળ વધારવી કે કેમ તે બાબતે ચર્ચા અને નિર્ણય. (અંદાજીત માસિક ખર્ચ રૂા. ૨૦,૦૦૦/— જેવો થાય)

**ઠરાવઃ—૧૩ હેલ્પ લાઈન સેન્ટરમાં જવાબ ન મળતા હોવાની બહોળી સંખ્યામાં આવેલી ફરિયાદો જોતા આ કંપનીની સેવાઓ બંધ કરીએ તથા આ જવાબદારી યુનિવર્સિટીના જ કોઈ એક કર્મચારીને સોંપી રીસેપ્શન કાઉન્ટર જેવી સુ—વ્યવસ્થા ઉભી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૫. સિસ્કો વેબેક્ષનું સોફટવેર લાયસન્સ એક વર્ષના સમય ગાળા માટે GEM મારફતે ખરીદવા બાબત.

**ઠરાવઃ— ૧૪ સિસ્કો વેબેક્ષનું સોફટવેર લાયસન્સ ત્રણ માસના સમય ગાળા માટે GEM મારફતે ખરીદવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. યુનિવર્સિટીને વધારાનો ખર્ચ ન થાય તે માટે સરકારશ્રીએ શિક્ષણ માટે જ ઉભુ કરેલ MICRO SOFT MEET નો ઉપયોગ કરવો.**

૧૬. તા.૨૮/૦૨/૨૦૨૦ના રોજ યોજાયેલ ખરીદ સમિતિ તથા તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ યોજાયેલ ખરીદ સમિતિ તથા નાણાં સમિતિની મિનિટ્સ નોંધના નીચે અનુસારના મુદાઓ બહાલ કરવા બાબત

— સ્ટેશનરીના વાર્ષિક ટેન્ટરની પ્રિલીમીનરી બીડ

— કેન્ટીન અને પાણીમાં સિંગલ પાર્ટી હોવાથી ત્રીજા પ્રયત્ન માટે જાહેરાત

— સપ્લાય ઓફ એન્વેલોપ (પરીક્ષા વિ., પ્રિલીમીનરી બીડ ઓપન)

— પ્રિન્ટીગ ઓફ ડિગ્રી સર્ટિફીકેટ (પરીક્ષા વિ.,સિંગલ પાર્ટી હોવાથી ત્રીજા પ્રયત્ન માટે જાહેરાત )

— સપ્લાય ઓફ આન્સર બુક (પરીક્ષા વિ., પ્રિલીમીનરી બીડ ઓપન)

— પ્રિન્ટીગ ઓફ આન્સર બુક (પરીક્ષા વિ.,સિંગલ પાર્ટી હોવાથી ત્રીજા પ્રયત્ન માટે જાહેરાત )

— પ્રિન્ટીગ ઓફ માર્કશીટ (પરીક્ષા વિ., પ્રિલીમીનરી બીડ ઓપન)

— સપ્લાય ઓફ સ્ટેશનરી (વાર્ષિક સપ્લાય— ટેકનિકલ અને ફાઈનાન્સીયલ બીડ ઓપન કરવામાં આવી.)

— માધવ સ્ટેશનરી L1 હોવાથી આઈટમમાં ભાવ વધુ હોય નોગોસીયેશન કરાવી પાર્ટીને ઓર્ડર

ઠરાવઃ– ૧૫ ખરીદ સમિતિના ઉપરોક્ત મુદાઓને બહાલ રાખવામાં આવે છે તથા આગળની કાર્યવાહિ પૂર્ણ કર્યા બાદ **E.C.** માં વિગતવાર અહેવાલ રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની બેઠકની મિનિટ્સ બહાલી અર્થે

ઠરાવઃ– ૧૬ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યુ.

૧૮. ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રીની તા.૧૫/૦૬/૨૦૨૦ વાળી અરજી.

ઠરાવઃ– ૧૭ ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રીની તા.૧૫/૦૬/૨૦૨૦ વાળી અરજી બાબતે હાલ યથા સ્થિતિ જાળવી રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૯. ડિપાર્ટમેન્ટ ઓફ સોશીયલ વર્કની સેન્ટર ઓફ એક્સિલન્સ માટેની પ્રપોઝલ

ઠરાવઃ–૧૮ ડિપાર્ટમેન્ટ ઓફ સોશીયલ વર્કની સેન્ટર ઓફ એક્સિલન્સ માટેની પ્રપોઝલનો સૌદ્ધાંતિક સ્વિકાર કરવામાં આવે છે અને ડિપાર્ટમેન્ટે આ પ્રપોઝલ સરકારશ્રી/ **UGC** માં જે–તે સંબંધિત ખાતા/કચેરીને કરવાની રહેશે. આ અંગે જો ગ્રાન્ટ ન મળે તો સેલ્ફ સસ્ટેનેબલના ધોરણે ચાલુ કરવા ઠરાવવામાં આવ્યું.

૨૦. પીએચ.ડી. તપાસ સમિતિનો અહેવાલ આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના મેમ્બરશ્રીઓ સમક્ષ નિર્ણય અર્થે રજૂ કરવા બાબત

ઠરાવઃ–૧૯ પીએચ.ડી. તપાસ સમિતિના અહેવાલની વિગતે ચર્ચા વિચારણા બાદ તપાસ સમિતિની તમામ ભલામણોનો સ્વિકાર કરવાનું અને આગળની કાર્યવાહી હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૧. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે...

૨૧/૧. IQAC ના ગઠન બાબત

ઠરાવઃ– ૨૦ **IQAC** ના ગઠન સંબંધિત કમિટિની રચના કરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીની રહેશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

૨૧/૨. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર મુકામે ચાલતા પી.જી. સેન્ટરમાં એમ.કોમ.માં નવા વિષયની LIC બાબતે

ઠરાવઃ– ૨૧ ઉપરોક્ત બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, તોલાણી કોમર્સ કોલેજને ફાળવવાનો નવો વિષય **Accounting and Finance** યુનિવર્સિટી પોતાનું પી.જી. સેન્ટર કોલેજને આપતી હોઈ યુનિવર્સિટી એક્ટની જોગવાઈઓ અનુસાર **LIC** કરવાની કે અન્ય કોઈ સરકારશ્રીમાંથી મંજૂરીની જરૂર રહેતી નથી.

૨૬/૬/૨૦૨૦.
કુલસચિવ